# **કૃષિ સંશોધન કેન્દ્ર અને તાલીમ કેન્દ્ર, જબુગામ ખાતે રાજસ્થાન ના પાંચ જીલ્લાના ખેડુત ભાઈઓએ ફાર્મ ની મુલાકાત લીધી**

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટીનાં જબુગામ ખાતે તારીખ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ જળ ગ્રહણ વિકાસ અને ભૂ – સંરક્ષણ પંચાયત સમિતિના આંતર રાજ્ય પ્રેરણા પ્રવાસ અંતર્ગત રાજસ્થાનના અલગ અલગ પાંચ જીલ્લાના ૨૦૦ ખેડૂતોએ જબુગામ કૃષિ સંશોધન ફાર્મ ની મુલાકાત લીધી હતી. જેમાં ડૉ. દીનીશા અભિષેક, સહ સંશોધન વૈજ્ઞાનિકએ આવેલા ખેડૂતોને કેન્દ્રના ફાર્મ ખાતે ચાલતી વિવિધ સંશોધન કાર્યો વિષે માહિતગાર કર્યા હતા. ડૉ. સંજય એન. મકવાણા, મદદનીશ પ્રાધ્યાપકએ કેળ માં ચાલતા વિવિધ અખતરાઓ અને કેળની આધુનક ખેતી પદ્ધતિ વિષેની માહિતી આપી તેમજ ફાર્મ ખાતે હાલમાં કાર્યરત પ્રાકૃતિક ખેતીના અખતરાની માહિતી અને તેના વિવિધ આયામો બનાવવાની રીત શીખવી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની ભલામણ કરી હતી. ડૉ. વિપુલ રૈયાણીએ ખેડૂતોને વર્મી કંપોસ્ટ ખાતર બનાવવા અને તેની ઉપયોગીતા વિષે માહિતી આપી હતી. શ્રી પ્રવીણ સોલંકીએ ફાર્મ ખાતે લેવાંમાં આવતા બિયારણ ઉત્પાદનો અને મગ અને અડદ પાકો ની માહિતી આપી હતી.


Latitude: 22.293305
Longitude: 73.778365
Elevation: 111.5±15.4 m
Accuracy: 1.6 m
Time: 01-29-2026 14:40
Note: Exposure tour Agriculture college Jambhugam
Powered by NoteCam






Latitude: 22.295213
Longitude: 73.782919
Altitude: 53.6±14.2 m
Accuracy: 1.5 m
Time: 01-29-2026 15:27
Note: Exposure tour Agriculture college Jambhugam
Powered by NoteCam


Agricultural Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur
प्रधानमंत्री कृषि सिंचाई योजना 2.0
अन्तर्गत
अन्तर्राज्य कृषक प्रशिक्षण